GJMR040034332025

| | |
|---|---|
| દાખલ તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| રજી. તારીખ | ૦૩/૧૧/૨૦૨૫ |
| ફેસલ તારીખ | ૧૩/૦૪/૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ ૦૦, માસ ૦૫, દિવસ ૧૦ |

**વાંકાનેરના મહે. એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં,**
**મું. વાંકાનેર, જી. મોરબી.**

**ફો.કેસ.નં.૨૮૬૪/૨૦૨૫**
**આંક–**

**ફરીયાદી:–** **શ્રી સરકાર**

**વિ રૂ ધ્ધ**

**આરોપીઓ:–** **(૧) કલ્પેશ જયંતિભાઈ અઘારા ઉ.વ.૩૬**
**(૨) કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઈ કરોતરા ઉ.વ.૩૫**
**(૩) યોગેશ શનાભાઈ સીસા ઉ.વ.૨૫**
**તમામ રહે.જુના દેવળીયા,તા.હળવદ,જી.મોરબી**

**ગુન્હો:** પ્રોહીબીશન એકટ કલમ–૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨).....

---

સરકારશ્રી તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એ.એન.પટેલ
આરોપીઓ તરફે વિધ્વાન વકીલશ્રી બી.એ.જાડેજા

---

**:: ઠ રા વ ::**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, તા. ૨૦/૦૯/૨૦૨૫ ના કલાક ૧૫/૪૫ વાગ્યે દરમ્યાન તમો આરોપીએ સહ આરોપીઓએ મેળાપીપણુ કરી બંધ બોડીની બોલેરો પીક અપ ગાડી રજી.નં. જી.જે. ૩૬ વી ૮૩૨૩ વાળીમાં ઘર વપરાશના સામાનની આડમાં ચોર ખાનામાં ભારતીય બનાવટના પર પ્રાંતિય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલી ના ટીનનો જથ્થો વેચાણ કરવાના આશયથી હેરાફેરી કરી આરોપી નં.૪ પાસેથી લાવી આરોપી નં.૧ તથા નં.૨ નાએ સાથે મળી સ્કોર્પીયો ગાડી રજી. નં. જીજે ૩૬ એજે ૩૯૦૦ વાળીમાં આગળ પાયલોટીંગ કરી આરોપી નં .૩ એ બિયરનો જથ્થો ભરેલ બોલેરો ગાડી રજી નં. જીજે ૩૬ વી ૮૩૨૩ વાળી ચલાવી ત્રણેય આરોપીઓ બન્ને ગાડીઓ સાથે ભારતીય બનાવટના પર પ્રાંતીય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલીના કંપની સીલ પેલ બિયર ટીન ૧૬૮૦ કિં.રૂ.૩,૬૯,૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૫ કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા બોલેરો ગાડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા સ્કોર્પીયો ગાડી કિ.રૂા. ૮,૦૦,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂા.૧ ૭,૧૯,૬૦૦/- ના મુદામાલ મળી આવતા તમો આરોપીઓ સામે વાંકાનેર સીટી પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૦૯૮૧/૨૫ થી પ્રોહી એકટ કલમ ૬૫(એ) (ઈ), ૧૧ ૬(બી),૮૧, ૯૮(૨) મુજબ ગુનો દાખલ થતા તપાસના અંતે આરોપીઓ સામે પુરાવો મળી આવતા ચાર્ઝસીટ રજુ કરેલ છે.

(૨) <u>ન્યાયીક કાર્યવાહી</u>

આ કામનાં આરોપીને આ અદાલત ધ્વારા સમન્સ ઈશ્યુ થતા, આરોપી આ અદાલત સમક્ષ હાજર થતા, આરોપીને તેઓના બચાવ માટે સી.આર.પી.સી. કલમ-૨૦૭ અન્વયે પોલીસ તપાસનાં કાગળોની નકલો વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ. આંક૦૩ થી તહોમતનામું વાંચી સંભળાવી, સમજાવી ફરમાવવામાં આવેલ અને તે બાબતે આરોપીઓની પ્લી આંક- ૪ થી આંક:૬ લેવામાં આવેલ આરોપીએ પોતાની સામેનાં આક્ષેપાયેલ ગુનાંનો સ્પષ્ટ ઈન્કાર કરતાં આ કામે ફરીયાદપક્ષનો પુરાવો નોધવામાં આવેલ હતો.

(૩) આ કામે ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામા આવેલ છે.

**-: મૌખિક પુરાવો :-**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદી ચંદુભાઈ કાળુભાઈ કાણોતરાની જુબાની | ૦૯ |
| ૨. | પંચ રાહુલભાઈ રતીભાઈ પાધરેસા ની જુબાની | ૧૧ |
| ૩. | દશરથસિહ ગગુભા પરમાર ની જુબાની | ૧૬ |

| | | |
|---|---|---|
| | | |
| ૪. | ભગીરથસિહ વિજયસિહ ઝાલાની જુબાની | ૧૭ |
| ૫. | હીતેન્દ્રસિહ ભીખુભા ચુડાસમા ની જુબાની | ૧૮ |
| ૬. | ભાવેશ દિનેશભાઈ ભટ્ટની જુબાની | ૨૦ |
| ૭. | આઈ.ઓ.બાબુભાઈ વીરાભાઈ પટેલની જુબાની | ૨૯ |

**–:દસ્તાવેજી પુરાવો:–**

| અનું.નં. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૦ |
| ૨. | મુદ્દામાલ કબજે કર્યાનુ પંચનામુ | ૧૨ |
| ૩. | ગુના રીપોર્ટ | ૩૦ |
| ૪. | ડેપ્યુટ હુકમ | ૩૧ |
| ૫. | ગુના લીસ્ટ | ૩૨ |
| ૬. | રવાનગી પત્રક | ૩૩ |

(૪) ત્યારબાદ ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી નાઓએ મૌખીક રીતે પુરાવો પુર્ણ થયાનું જાહેર કરેલ છે. ત્યારબાદ આરોપીઓનું ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ અન્વયે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો હોય વિશેષ નીવેદન નોંધવામાં આવેલ છે જેમાં ફરીયાદ પક્ષના પુરાવાનો ઈનકાર કરેલ છે. તેમજ પોતે નિર્દોષ હોવાનુ જણાવેલ છે.

(૫) ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એ દલીલ કરી જણાવેલ છે કે, તા. ૨૦/૦૯/૨૦૨૫ ના કલાક ૧૫/૪૫ વાગ્યે દરમ્યાન તમો આરોપીએ સહ આરોપીઓએ મેળાપીપણુ કરી બંધ બોડીની બોલેરો પીક અપ ગાડી રજી.નં. જી.જે. ૩૬ વી ૮૩૨૩ વાળીમાં ઘર વપરાશના સામાનની આડમાં ચોર ખાનામાં ભારતીય બનાવટના પર પ્રાંતિય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલી ના ટીનનો જથ્થો વેચાણ કરવાના આશયથી હેરાફેરી કરી આરોપી નં.૪ પાસેથી લાવી આરોપી નં.૧ તથા નં.૨ નાએ સાથે મળી સ્કોર્પીયો ગાડી રજી. નં. જીજે ૩૬ એજે ૩૯૦૦ વાળીમાં આગળ પાયલોટીંગ કરી આરોપી નં .૩ એ બિયરનો જથ્થો ભરેલ બોલેરો ગાડી રજી નં. જીજે ૩૬ વી ૮૩૨૩ વાળી ચલાવી

ત્રણેય આરોપીઓ બન્ને ગાડીઓ સાથે ભારતીય બનાવટના પર પ્રાંતીય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલીના કંપની સીલ પેલ બિયર ટીન ૧૬૮૦ કિં.રૂ.૩,૬૯,૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૫ કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા બોલેરો ગાડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા સ્કોર્પીયો ગાડી કિ.રૂા. ૮,૦૦,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂા.૧ ૭,૧૯,૬૦૦/- ના મુદામાલ મળી આવેલ છે.ફરીયાદી તથા પોલીસ સાહેદોની જુબાનીમાં ફરીયાદ હકીકતને સર્મથન કરતો પુરાવો આપેલ છે.ફરીયાદ પક્ષના પંચ રાહુલભાઈ રતીભાઈની જુબાનીમાં તેઓની હાજરીમાં બે ગાડીઓ પકડેલાનુ જણાવેલ છે અને ગાડીઓ માંથી બીયર અને દારૂ મળી આવેલાનુ જણાવેલ છે.જેનુ પંચનામુ કરી સહી કરાવેલાનુ જણાવેલ છે.જેથી પંચની હાજરીમાં મુદદામાલ કબજે કરેલ છે.આઇ.ઓ.ની જુબાનીમાં સ્થળ ઉપર વીડીયોગ્રાફી કરેલ તેનુ ઇસાક્ષ્ય અીધીનીયમ ની કલમ-૬૩(૪)સી મુજબ રજુ કરેલ છે.પ્રોહી.એકટની કલમ-૧૧૬બી મુજબ મળી આવેલ દારૂની બોટલોમાં દારૂ હતો તેવુ અનુમાન કરવામાં આવે છે.જેથી એફ.એસ.એલ.સર્ટી આવેલ ન હોય તે માત્રથી તેનો લાભ આપી શકાય નહી.જેથી સખત સજા કરવા રજુઆત કરેલ છે.

આરોપી તર્ફે દલીલ કરી જણાવેલ છે કે,સ્વંતત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી.પંચની જુબાનીમાં કયા આરોપી ને પકડેલ હોય તેવુ જણાવેલ નથી.જેથી તેની હાજરીમાં ગાડીઓ પકડેલ હોય તેવુ જણાવેલ હોય તે માત્રથી સતસીરવાન ઠરાવી શકાય નહી.ફરીયાદ પક્ષે પોલીસ સાહેદોની જુબાની રજુ કરેલ છે.અન્ય કોઇ સ્વંતત્ર સાહેદોની જુબાની રજુ કરેલ નથી.જેથી નિદોર્ષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે.

**( ૬ )** આ કેસની ઉપરોકત હકીકતો, સંજોગો, રેકર્ડ પર રજુ કરવામાં આવેલ પુરાવો તથા સંલગ્ન કાયદાની જોગવાયો તેમજ ઉભયપક્ષની રજૂઆતો ધ્યાને લેતાં મારા નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

## :: મુદાઓ ::

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એ હકીકત પુરવાર કરે છે કે, તા. ૨૦/૦૯/૨૦૨૫ ના કલાક ૧૫/૪૫ વાગ્યે દરમ્યાન તમો આરોપીએ સહ આરોપીઓએ મેળાપીપણુ કરી બંધ બોડીની બોલેરો પીક અપ ગાડી રજી.નં. જી.જે. ૩૬ વી ૮૩૨૩ વાળીમાં ઘર વપરાશના સામાનની આડમાં ચોર ખાનામાં ભારતીય બનાવટના પર પ્રાંતિય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલી ના ટીનનો જથ્થો વેચાણ કરવાના આશયથી હેરાફેરી કરી આરોપી નં.૪ પાસેથી લાવી આરોપી નં.૧ તથા નં.૨ નાએ સાથે મળી સ્કોર્પીયો ગાડી રજી. નં. જીજે ૩૬ એજે ૩૯૦૦ વાળીમાં આગળ પાયલોટીંગ કરી આરોપી નં .૩ એ બિયરનો જથ્થો ભરેલ બોલેરો ગાડી રજી નં. જીજે ૩૬ વી ૮૩૨૩ વાળી

ચલાવી ત્રણેય આરોપીઓ બન્ને ગાડીઓ સાથે ભારતીય બનાવટના પર પ્રાંતીય કિંગ ફીશર બિયરના ૫૦૦ મીલીના કંપની સીલ પેલ બિયર ટીન ૧૬૮૦ કિં.રૂ.૩,૬૯,૬૦૦/- તથા મોબાઈલ ફોન નંગ.૫ કિ.રૂ. ૫૦,૦૦૦/- તથા બોલેરો ગાડી કિ.રૂ. ૫,૦૦,૦૦૦/- તથા સ્કોર્પીયો ગાડી કિ.રૂા. ૮,૦૦,૦૦૦/- તથા અન્ય મુદામાલ મળી કુલ કિ.રૂા.૧૭,૧૯,૬૦૦/- ના મુદામાલ મળી આવેલ હોય પ્રોહી એકટ કલમ ૬૫(એ) (ઈ), ૧૧ ૬(બી),૮૧, ૯૮(૨) મુજબ નો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૭) ઉપરોકત મુદાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારાત્મક,

(૨) આખરી હુકમ મુજબ.

(૮) ઉપરોકત મુદાઓના નિર્ણયના મારા કારણો નીચે મુજબ છે.

**:: કા ર ણો ::**

**<u>મુદા નં. ૧:-</u>**

(૯) ફરીયાદપક્ષે પોતાનો કેસ નિ:શકપણે સાબિત કરવો જોઈએ તેવો ક્રીમીનલ જયુરીસપ્રુડન્સનો સ્વીકૃત સિધ્ધાત છે. નામદાર સર્વોચ્ચ અદાલતે તેઓના ચુકાદા રબિન્દ્રકુમાર દેય વિ. સ્ટેટ ઓફ ઓરીસ્સામાં ઠરાવેલ છે કે,

> Three cardinal principles of criminal jurisprudence are well settled namely:
>
> (1) that the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive and benefit from weakness or falsity of the defence version while proving its case;
>
> (2) that in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and
>
> (3) that the onus of the prosecution never shifts.

ઉપરોકત સ્થાપિત સિધ્ધાંતને નજર સમક્ષ રાખી આ કામમાં પડેલા પુરાવાની બચાવપક્ષે થયેલ દલીલોને ધ્યાને રાખી પુરાવાનુ મુલ્યાંકન કરેલ છે.

(૧૦) આ કામે ફરીયાદપક્ષે સાહેદ નં.૧ ચંદુભાઈ કાળુભાઈ કાણોતરાફરીયાદીનો આંક:૯ નો પુરાવો જોતા જણાવેલ છે કે, ગઇ તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ના હીતેન્દ્રસિંહ ભિખુભા, દશરથસિંહ ગગુભા પરમાર, ભગીરથસિંહ વિજયસિંહ ઝાલા એમ બધા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ સાથે સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા પી.એસ.આઇ. શ્રી ભટ્ટ સાહેબને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત મળતા નજીક માંથી બે પંચો બોલાવી હકીકત ની સમજ કરી પંચ નં.-૦૧ હેમુભાઇ રાણછોડભાઇ મીઠાપરા રહે.મકનસર, તા.મોરબી તથા નંબર-૦૨ રાહુલભાઇ રતીભાઇ પાણેશીયા રહે.મકનસર, તા.મોરબી વાળા હોવાનું જણાવેલુ. જે પંચોને હકીકતની સમજ કરેલી અને કલાક - ૧૩-૧૫ થી ૧૩-૩૦ સુધી પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ અમો પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા રાણેકપર ગામના બોર્ડ પાસે વોચ માં હતા તે દરમ્યાન ઉપરોક નંબર વાળી ગાડી આવતા તેને રોકવાનો ઇશારો કરી સાઇડ માં ઉભો રખાવી. સદર સ્કોર્પીયો ગાડી ચાલક ની બાજુ માં બીજો ઇસમ હાજર હોય તમેને ગાડી ઉતરવાનું કહેતા તેઓ એ અમો પોલીસ તથા પંચ સમક્ષ આવી તેઓનું નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ ત્યારબાદ નંબર - ૨ ના ઓ એ કલ્પેશભાઇ જેઠાભાઇ કલોત્રા રહે.જુના દેવળીયા વાળા હોવાનું જણાવેલું. સદર સ્કોર્પીયો ગાડી કોની છે તે બાબતે પુછતા પોતાની હોવાની જણાવેલું. સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઇ છનાભાઇ કોળી રહે.જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ. આમ ત્રણે ઇસમને સાથે રાખી બોલેરો ગાડી માં શુ ભરેલુ તે બાબતે પુછતા ગાડી માં ઘર વપરાશનો સરસામાન ભરેલો છે તેવુ જણાવેલું. સદર બોલેરો ગાડીનો પાછળનો દરવાજો ખોલી જોતા ઘર વપરાશનો અલગ અલગ સામાન જોવા મળેલો તેમજ ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા

તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી. સદર બીયર નો જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું. જેથી આ મળી આવેલ મુદામાલ ની ગણતરી કરવી જરૂરી હોય. જેથી સદર જગ્યા નેશનલ હાઈવે હોય અને વાહનો ની અવર જવર ચાલુ રહેતી હોય તેમજ સદર મુદામાલ ઉતારી તેમજ ગણી શકાય તેમ ન હોય જેથી ગાડી ના ચાલક દવારા વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર સીટી પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ ગાડી માં ભરેલ બીયરનો જથ્થો ઉતારેલો. જે ગણી જોતા જેમાં બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કેરલી તથા ઉપરોકત બોલેરો પીકઅપ ગાડી ની કીંમત રૂા.૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા ઉપરોકત સ્કોર્પીયો ગાડની ની કીંમત રૂા.૮,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી. એક બીયર ટીન એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદા નુ શીલ કરી તપાસ અર્થે કબજે કરેલી. સદર બોલેરો પીકઅપ ગાડી માંથી મળી આવેલ ઘર વપરાશનો સામાન તથા કલ્પેશ જંયતીલાલ નું ડ્રાઇવીંગ લાયસન્સ, આધાર કાર્ડ તથા પાન કાર્ડ તથા ડેબીટ કાર્ડ તથા યોગેશભાઇ છનાભાઇ પાસેથી આધાર કાર્ડ તથા પાન કાર્ડ અને ડેબીટ કાર્ડ અને ચુટણી કાર્ડ તપાસ અર્થે કબજે કરેલું. સદરહું આરોપી કલ્પેશભાઇને આ બીયર ટીન નો જથ્થો કોને આપવાનો હતો અને કયાથી લાવેલ છો તે બાબતે પુછતા મારા ભાઇ વિજયભાઇ જંયતીભાઈ અઘારા ના ઓ મોબાઇલ નં.-૯૭૧૪૬ ૧૨૦૫૭ ઉપર થી વોટસઅપ કોલ આવેલ અને વડોદરા કપુરાય ચોકડી પાસે આવી તેમની પાસેથી બીયર ટીન નો જથ્થો ભરેલો બોલેરો પીક અપ ગાડી લઇ આવેલ છું અને તેનુ પાઇલોટીંગ કરવા હું સ્કોર્પીયો ગાડી લઇને આવેલ છું. આમ કુલ મુદામાલ ની કીંમત રૂા.૧૭,૧૯,૬૦૦/- ગણી તપાસ અર્થે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમારી સાથેના પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબે કરેલુ. અમો એ પો.સ્ટે. જઇ આ ગુન્હાની ફરીયાદ આપેલાનુ જણાવેલ છે.જે આંક-૧૦ થી રજુ કરેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, અમો કચેરી એ થી આશરે સવારે દસ – અગીયાર વાગ્યાની આસપાસ નીકળેલા. અમે સરકારી અને ખાનગી વાહન બંને માં ગયેલ હતા. પેટ્રોલીંગ જઇએ ત્યારે તેની નોંધ પેટ્રોલ બુક માં કરવામાં આવે છે. સરકારી વાહન માં જઇએ તેની નોંધ લોગ બુક માં રાખવામાં આવે છે. અમો ને સદર બાતમી આશરે અગીયાર – બાર વાગ્યે મળેલી. બાતમી મળી ત્યારે અમો ઢુવા વિસ્તારની આજુ બાજુ હતા. પંચોને મે બોલાવેલા. પ્રાથમિક પંચનામુ ૧૩–૧૫ થી ૧૩–૩૦ સુધી કરેલું. જે રાણેક પર બોર્ડ ઇબીઝા કારખાના પાસે થી આરોપીને પકડેલા તે વિસ્તાર નેશનલ હાઇવે નજીક છે. બનાવ

વાળી જગ્યાની આજુ બાજુ દુકાનો, કારખાના આવેલા છે તેમજ માણસો તથા વાહન ની સતત અવર જવર રહે છે.

(૧૧) આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં.ર રાહુલ રતીભાઈ પાઘરેસાનો આંક:૧૧ નો મૌખીક પુરાવો જોતા આજ થી પાંચ - છ મહીના પહેલા હીતુભાનો ફોન આવેલો. રાણેક પરના પાટીયા પાસે બોલાવેલા. ત્યાં મારી સાથે બીજા પંચ - હેમરાજભાઈ હાજર હતા તેમની સહી કરાવેલી. ત્યારબાદ બે ગાડીઓ પકડેલી અને એક સ્કોર્પીયો ગાડી હતી અને એક બોલેરો ગાડી હતી જે બંને ગાડીઓ પોલીસ સ્ટેશને આવેલા. જે ગાડી ઓ માંથી દારુ અને બીયર મળી આવેલા. જેમાં બીયર ની દસ-બાર પેટી મળી આવેલી. જે બીયર નું પંચનામુ કરેલુ જેમાં મારી સહી કરાવેલી. સ્કોર્પીયો ગાડી માં બે માણસો હતા જે પેટ્રોલીંગ માં હતી અને બોલેરો ગાડી માં પણ બે માણસો હતા. જેનું વિગતવારનું પંચનામુ અમો પંચોની હાજરી માં કરવામાં આવેલુ.જે પંચનામાની સહી ઓખળી બતાવતા હોય **આંક-૧૨ થી રજુ કરેલ છે**.

**આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે**,મને લખતા વાંચતા આવડતુ નથી. હું મકનસર ગામે રહુ છું. મારે કારખાના માં કોન્ટ્રાકટ ચાલે છે. હીતુભાને મારો ભાઇ ઓળખે છે અને હું પણ ઓળખુ છું. પંચ માં રહેવા માટે હીતેન્દ્રસિંહ નો મારા ભાઇ હેમરાજભાઇ ના મોબાઇલ માં ફોન આવેલો. હેમરાજભાઇ મારા સંબંધી ભાઇ થાય છે. ફોન આવેલો ત્યારે હું તથા મારો ભાઇ રાણેકપર ના પાટીયા પાસે હતા. ફોન બપોરે આશેર બે – ત્રણ વાગ્યે આવેલો. રાણેકપર ના પાટીયા પાસે મને અને મારા ભાઇ ને બોલાવેલા. પોલીસે બોલાવેલા અને નામ ઠામ પુછેલી અને સહી કરાવેલી. અમોએ પોલીસ ને કાંઇ લખાવેલુ નથી. મે પોલીસ ને કોઇ ગાડી નંબર લખાવેલ નથી. પંચનામા વાળી જગ્યા એ નેશનલ હાઇવે છે અને ત્યાં ધણા બધા માણસો ની અવર જવર રહે છે. મે પંચનામા માં કોઇ વ્યકિતના નામ પણ લખાવેલા નથી. અમે તૈયાર પંચનામા માં સહી કરાવેલી. સહી કરી અમે મકનસર જવા નીકળી ગયેલા. મારા મીત્ર હેમુભાઇ અને ચંદુભાઇ ને સારા સંબંધ છે. ચંદુભાઇ ધણી વખત મકનસર આવે છે. ચંદુભાઇ ધણા પંચનામા માં મારી અને હેમુભાઇ ની સહી કરેલી છે. બનાવ સ્થળ પર અમે દસ–પંદર મીનીટ રોકાયેલા.

આ સાહેદનો પુરાવો જોતા પંચનામામા સહી કરાવેલાનુ જણાવેલ છે પરંતુ કયા વાહન માંથી દારૂ પકડેલ હતો તથા તેના વાહન ચાલક કોણ હતુ તે અંગુ કોઈ હકીકત જણાવેલ નથી.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે પંચસાહેદ નં.૩ દશરથસિહ ગગુભા પરમારનો આંક–૧૬ નો મૌખીક પુરાવો જોતા જણાવેલ છે કે, ગઇ તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી.

તથા પેરોલ ફર્લો સ્કવોડ ના હીતેન્દ્રસિંહ ભિખુભા, ચંદુભાઇ કાણોતરા, ભગીરથસિંહ વિજયસિંહ ઝાલા એમ બધા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ સાથે સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા પી.એસ.આઇ. શ્રી ભટ્ટ સાહેબને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત મળતા નજીક માંથી બે પંચો બોલાવી હકીકત ની સમજ કરી પંચ નં.-૦૧ હેમુભાઇ રાણછોડભાઇ મીઠાપરા રહે.મકનસર, તા.મોરબી તથા નંબર-૦૨ રાહુલભાઇ રતીભાઇ પાણેશીયા રહે.મકનસર, તા.મોરબી વાળા હોવાનું જણાવેલુ. જે પંચોને હકીકતની સમજ કરેલી અને કલાક - ૧૩-૧૫ થી ૧૩-૩૦ સુધી પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ અમો પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા રાણેકપર ગામના બોર્ડ પાસે વોચ માં હતા તે દરમ્યાન ઉપરોક નંબર વાળી ગાડી આવતા તેને રોકવાનો ઈશારો કરી સાઇડ માં ઉભો રખાવી. સદર સ્કોર્પીયો ગાડી ચાલક ની બાજુ માં બીજો ઇસમ હાજર હોય તમેને ગાડી ઉતરવાનું કહેતા તેઓ એ અમો પોલીસ તથા પંચ સમક્ષ આવી તેઓનું નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ ત્યારબાદ નંબર - ૨ ના ઓ એ કલ્પેશભાઇ જેઠાભાઇ કલોત્રા રહે.જુના દેવળીયા વાળા હોવાનું જણાવેલું. સદર સ્કોર્પીયો ગાડી કોની છે તે બાબતે પુછતા પોતાની હોવાની જણાવેલું. સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઇ છનાભાઇ કોળી રહે.જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ. આમ ત્રણે ઇસમને સાથે રાખી બોલેરો ગાડી માં શુ ભરેલુ તે બાબતે પુછતા ગાડી માં ઘર વપરાશનો સરસામાન ભરેલો છે તેવુ જણાવેલું.

(૨) સદર બોલેરો ગાડીનો પાછળનો દરવાજો ખોલી જોતા ઘર વપરાશનો અલગ અલગ સામાન જોવા મળેલો તેમજ ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી. સદર બીયર નો જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું. જેથી આ મળી આવેલ મુદામાલ ની ગણતરી કરવી જરૂરી હોય. જેથી સદર જગ્યા નેશનલ હાઈવે હોય અને વાહનો ની અવર જવર ચાલુ રહેતી હોય તેમજ સદર મુદામાલ ઉતારી

તેમજ ગણી શકાય તેમ ન હોય જેથી ગાડી ના ચાલક દવારા વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર સીટી પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ ગાડી માં ભરેલ બીયરનો જથ્થો ઉતારેલો. જે ગણી જોતા જેમાં બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કેરલી તથા ઉપરોકત બોલેરો પીકઅપ ગાડી ની કીંમત રૂા.૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા ઉપરોકત સ્કોર્પીયો ગાડની ની કીંમત રૂા.૮,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી. આરોપી કલ્પેશકુમાર જયંતીભાઇ પાસે થી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા આરોપી કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઇ કલોત્રા પાસે થી એક વીવો કંપની નો મોબાઇલ જેની કીંમત રૂા.૧૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો તથા આરોપી - યોગેશભાઇ છનાભાઇ પાસેથી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો. એક બીયર ટીન એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદા નુ શીલ કરી તપાસ અર્થે કબજે કરેલી. સદર બોલેરો પીકઅપ ગાડી માંથી મળી આવેલ ઘર વપરાશનો સામાન તથા કલ્પેશ જંયતીલાલ નું ડ્રાઈવીંગ લાયસન્સ, આધાર કાર્ડ તથા પાન કાર્ડ તથા ડેબીટ કાર્ડ તથા યોગેશભાઇ છનાભાઇ પાસેથી આધાર કાર્ડ તથા પાન કાર્ડ અને ડેબીટ કાર્ડ અને ચુટણી કાર્ડ તપાસ અર્થે કબજે કરેલું. સદરહું આરોપી કલ્પેશભાઇને આ બીયર ટીન નો જથ્થો કોને આપવાનો હતો અને કયાથી લાવેલ છો તે બાબતે પુછતા મારા ભાઇ વિજયભાઇ જંયતીભાઇ અઘારા ના ઓ મોબાઇલ નં.-૯૭૧૪૬ ૧૨૦૫૭ ઉપર થી વોટસઅપ કોલ આવેલ અને વડોદરા કપુરાય ચોકડી પાસે આવી તેમની પાસેથી બીયર ટીન નો જથ્થો ભરેલો બોલેરો પીક અપ ગાડી લઇ આવેલ છું અને તેનુ પાઇલોટીંગ કરવા હું સ્કોર્પીયો ગાડી લઇને આવેલ છું. આમ કુલ મુદામાલ ની કીંમત રૂા.૧૭,૧૯,૬૦૦/- ગણી તપાસ અર્થે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમારી સાથેના પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબે કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છેકે, અમે ફરજ ઉપર હાજર થાય તેની કોઇ નોંધ કરવામાં આવતી નથી. પેટ્રોલીંગ માં હોઈ એ તેની નોંધ પેટ્રોલ બુકમાં કરવામાં આવે છે.સરકારી વાહન માં જઇએ તેની નોંધ લોગ બુક માં રાખવામાં આવે છે.કયા વાહન માં રેઇડ માટે ગયેલા તેના નંબર અને ડ્રાઇવરનું નામ મારા નિવેદનમાં જણાવેલ નથી. બાતમી મળી ત્યારે અમે ઢુવા ચોકડી પાસે હતા. બાતમી અંદાજે અગીયાર થી બાર વાગ્યા ની આસપાસ મળેલી. પંચોને બોલાવા પી.એસ.આઇ. બી.ડી.ભટ્ટ સાહેબ બોલાવા ગયેલા. પંચો જે રાખેલા છે તે રાહદારી પંચો છે. પંચોને સાથે લઇને નીકળેલા કે ત્યાથી બોલાવેલા તે હાલ મને યાદ નથી. પંચોના નામ સરનામા હાલ યાદ નથી.બનાવ વાળી જગ્યા નેશનલ હાઇવે છે અને ત્યાં

ઘણા બધા વાહનો ની અવર જવર રહે છે. રેઈડ માં પકડાયેલા વાહનો ના પુરા નંબર હાલ યાદ નથી.

(૧૩) ફરીયાદ પક્ષના સાહેદ નં.૪ ભગીરથસીહ વિજયસિંહ ઝાલાનો આંક:૧૭ નો મૌખીક પુરાવો જોતા જણાવેલ છે કે, ગઈ તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ના હીતેન્દ્રસિંહ ભિખુભા, ચંદુભાઈ કાણોતરા, દશરથસિંહ ગગુભા પરમાર એમ બધા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ સાથે સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા પી.એસ.આઇ. શ્રી ભટ્ટ સાહેબને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઈ જયંતીભાઈ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત મળતા નજીક માંથી બે પંચો બોલાવી હકીકત ની સમજ કરી પંચ નં.-૦૧ હેમુભાઈ રાણછોડભાઈ મીઠાપરા રહે.મકનસર, તા.મોરબી તથા નંબર-૦૨ રાહુલભાઈ રતીભાઈ પાણેશીયા રહે.મકનસર, તા.મોરબી વાળા હોવાનું જણાવેલુ. જે પંચોને હકીકતની સમજ કરેલી અને કલાક - ૧૩-૧૫ થી ૧૩-૩૦ સુધી પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ અમો પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા રાણેકપર ગામના બોર્ડ પાસે વોચ માં હતા તે દરમ્યાન ઉપરોક નંબર વાળી ગાડી આવતા તેને રોકવાનો ઈશારો કરી સાઇડ માં ઉભો રખાવી. સદર સ્કોર્પીયો ગાડી ચાલક ની બાજુ માં બીજો ઈસમ હાજર હોય તમેને ગાડી ઉતરવાનું કહેતા તેઓ એ અમો પોલીસ તથા પંચ સમક્ષ આવી તેઓનું નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઈ જયંતીભાઈ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ ત્યારબાદ નંબર - ૨ ના ઓ એ કલ્પેશભાઈ જેઠાભાઈ કલોત્રા રહે.જુના દેવળીયા વાળા હોવાનું જણાવેલું. સદર સ્કોર્પીયો ગાડી કોની છે તે બાબતે પુછતા પોતાની હોવાની જણાવેલું. સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઈ છનાભાઈ કોળી રહે.જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ. આમ ત્રણે ઈસમને સાથે રાખી બોલેરો ગાડી માં શુ ભરેલુ તે બાબતે પુછતા ગાડી માં ઘર વપરાશનો સરસામાન ભરેલો છે તેવુ જણાવેલું. સદર બોલેરો ગાડીનો પાછળનો દરવાજો ખોલી જોતા ઘર વપરાશનો અલગ અલગ સામાન જોવા મળેલો તેમજ ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી. સદર બીયર નો જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન

કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું. જેથી આ મળી આવેલ મુદામાલ ની ગણતરી કરવી જરૂરી હોય. જેથી સદર જગ્યા નેશનલ હાઈવે હોય અને વાહનો ની અવર જવર ચાલુ રહેતી હોય તેમજ સદર મુદામાલ ઉતારી તેમજ ગણી શકાય તેમ ન હોય જેથી ગાડી ના ચાલક દવારા વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર સીટી પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ ગાડી માં ભરેલ બીયરનો જથ્થો ઉતારેલો. જે ગણી જોતા જેમાં બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કેરલી તથા ઉપરોકત બોલેરો પીકઅપ ગાડી ની કીંમત રૂા.૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા ઉપરોકત સ્કોર્પીયો ગાડની ની કીંમત રૂા.૮,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી. આરોપી કલ્પેશકુમાર જયંતીભાઇ પાસે થી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા આરોપી કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઇ કલોત્રા પાસે થી એક વીવો કંપની નો મોબાઇલ જેની કીંમત રૂા.૧૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો તથા આરોપી - યોગેશભાઇ છનાભાઇ પાસેથી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો. એક બીયર ટીન એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદા નુ શીલ કરી તપાસ અર્થે કબજે કરેલી. સદર બોલેરો પીકઅપ ગાડી માંથી મળી આવેલ ઘર વપરાશનો સામાન તથા કલ્પેશ જંયતીલાલ નું ડ્રાઇવીંગ લાયસન્સ, આધાર કાર્ડ તથા પાન કાર્ડ તથા ડેબીટ કાર્ડ તથા યોગેશભાઇ છનાભાઇ પાસેથી આધાર કાર્ડ તથા પાન કાર્ડ અને ડેબીટ કાર્ડ અને ચુટણી કાર્ડ તપાસ અર્થે કબજે કરેલું. સદરહું આરોપી કલ્પેશભાઇને આ બીયર ટીન નો જથ્થો કોને આપવાનો હતો અને કયાથી લાવેલ છો તે બાબતે પુછતા મારા ભાઇ વિજયભાઇ જંયતીભાઇ અઘારા ના ઓ મોબાઇલ નં.-૯૭૧૪૬ ૧૨૦૫૭ ઉપર થી વોટસઅપ કોલ આવેલ અને વડોદરા કપુરાય ચોકડી પાસે આવી તેમની પાસેથી બીયર ટીન નો જથ્થો ભરેલો બોલેરો પીક અપ ગાડી લઇ આવેલ છું અને તેનુ પાઇલોટીંગ કરવા હું સ્કોર્પીયો ગાડી લઇને આવેલ છું. આમ કુલ મુદામાલ ની કીંમત રૂા.૧૭,૧૯,૬૦૦/- ગણી તપાસ અર્થે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમારી સાથેના પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબે કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગ માં હોઇ એ તેની નોંધ પેટ્રોલ બુકમાં કરવામાં આવે છે. સરકારી વાહન માં જઇએ તેની નોંધ લોગ બુક માં રાખવામાં આવે છે. કયા વાહન માં રેઇડ માટે ગયેલા તેના નંબર અને ડ્રાઇવરનું નામ મારા નિવેદનમાં જણાવેલ નથી. બાતમી મળી ત્યારે અમે ઢુવા ચોકડી પાસે હતા. બાતમી અંદાજે અગીયાર થી બાર વાગ્યા ની આસપાસ મળેલી. પંચોને બોલાવા પી.એસ.આઇ. બી.ડી.ભટ્ટ સાહેબ બોલાવા

ગયેલા. પંચો જે રાખેલા છે તે રાહદારી પંચો છે. પંચોને સાથે લઇને નીકળેલા કે ત્યાથી બોલાવેલા તે હાલ મને યાદ નથી. ચોના નામ સરનામા હાલ યાદ નથી.

(૧૪) ફરીયાદ પક્ષના સાહેદ નં.૫ હિતેન્દ્રસીહ ભીખુભા ચુડાસમાનો આંક:૧૮ નો મૌખીક પુરાવો જોતા જણાવેલ છે કે, ગઇ તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ના ભગીરથસિંહ વિજયસિંહ, ચંદુભાઇ કાણોતરા, દશરથસિંહ ગગુભા પરમાર એમ બધા પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબ સાથે સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢુવા ચોકડી પાસે પહોંચતા અમોને તથા પી.એસ.આઇ. શ્રી ભટ્ટ સાહેબને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત મળતા નજીક માંથી બે પંચો બોલાવી હકીકત ની સમજ કરી પંચ નં.-૦૧ હેમુભાઇ રાણછોડભાઇ મીઠાપરા રહે.મકનસર, તા.મોરબી તથા નંબર-૦૨ રાહુલભાઇ રતીભાઇ પાણેશીયા રહે.મકનસર, તા.મોરબી વાળા હોવાનું જણાવેલુ. જે પંચોને હકીકતની સમજ કરેલી અને કલાક - ૧૩-૧૫ થી ૧૩-૩૦ સુધી પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ અમો પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા રાણેકપર ગામના બોર્ડ પાસે વોચ માં હતા તે દરમ્યાન ઉપરોક નંબર વાળી ગાડી આવતા તેને રોકવાનો ઇશારો કરી સાઇડ માં ઉભો રખાવી. સદર સ્કોર્પીયો ગાડી ચાલક ની બાજુ માં બીજો ઇસમ હાજર હોય તમેને ગાડી ઉતરવાનું કહેતા તેઓ એ અમો પોલીસ તથા પંચ સમક્ષ આવી તેઓનું નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ ત્યારબાદ નંબર - ૨ ના ઓ એ કલ્પેશભાઇ જેઠાભાઇ કલોત્રા રહે.જુના દેવળીયા વાળા હોવાનું જણાવેલું. સદર સ્કોર્પીયો ગાડી કોની છે તે બાબતે પુછતા પોતાની હોવાની જણાવેલું. સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઇ છનાભાઇ કોળી રહે.જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ. આમ ત્રણે ઇસમને સાથે રાખી બોલેરો ગાડી માં શુ ભરેલુ તે બાબતે પુછતા ગાડી માં ઘર વપરાશનો સરસામાન ભરેલો છે તેવુ જણાવેલું. સદર બોલેરો ગાડીનો પાછળનો દરવાજો ખોલી જોતા ઘર વપરાશનો અલગ અલગ સામાન જોવા મળેલો તેમજ ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી. સદર બીયર નો જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન

કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું. જેથી આ મળી આવેલ મુદામાલ ની ગણતરી કરવી જરૂરી હોચ. જેથી સદર જગ્યા નેશનલ હાઈવે હોચ અને વાહનો ની અવર જવર ચાલુ રહેતી હોચ તેમજ સદર મુદામાલ ઉતારી તેમજ ગણી શકાચ તેમ ન હોચ જેથી ગાડી ના ચાલક દવારા વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર સીટી પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ ગાડી માં ભરેલ બીચરનો જથ્થો ઉતારેલો. જે ગણી જોતા જેમાં બીચર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કેરલી તથા ઉપરોકત બોલેરો પીકઅપ ગાડી ની કીંમત રૂા.૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા ઉપરોકત સ્કોર્પીચો ગાડની ની કીંમત રૂા.૮,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી. આરોપી કલ્પેશકુમાર જયંતીભાઇ પાસે થી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા આરોપી કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઇ કલોત્રા પાસે થી એક વીવો કંપની નો મોબાઇલ જેની કીંમત રૂા.૧૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો તથા આરોપી - ચોગેશભાઇ છનાભાઇ પાસેથી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો. એક બીચર ટીન એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદા નુ શીલ કરી તપાસ અર્થે કબજે કરેલી. સદર બોલેરો પીકઅપ ગાડી માંથી મળી આવેલ ઘર વપરાશનો સામાન તથા કલ્પેશ જંચતીલાલ નું ડ્રાઈવીંગ લાચસન્સ, આધાર કાર્ડ તથા પાન કાર્ડ તથા ડેબીટ કાર્ડ તથા ચોગેશભાઇ છનાભાઇ પાસેથી આધાર કાર્ડ તથા પાન કાર્ડ અને ડેબીટ કાર્ડ અને ચુટણી કાર્ડ તપાસ અર્થે કબજે કરેલું. સદરહું આરોપી કલ્પેશભાઇને આ બીચર ટીન નો જથ્થો કોને આપવાનો હતો અને કચાથી લાવેલ છો તે બાબતે પુછતા મારા ભાઇ વિજચભાઇ જંચતીભાઇ અઘારા ના ઓ મોબાઇલ નં.-૯૭૧૪૬ ૧૨૦૫૭ ઉપર થી વોટસઅપ કોલ આવેલ અને વડોદરા કપુરાચ ચોકડી પાસે આવી તેમની પાસેથી બીચર ટીન નો જથ્થો ભરેલો બોલેરો પીક અપ ગાડી લઇ આવેલ છું અને તેનુ પાઇલોટીંગ કરવા હું સ્કોર્પીચો ગાડી લઇને આવેલ છું. આમ કુલ મુદામાલ ની કીંમત રૂા.૧૭,૧૯,૬૦૦/- ગણી તપાસ અર્થે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમારી સાથેના પી.એસ.આઇ. શ્રી બી.ડી.ભટ્ટ સાહેબે કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગ માં હોઇ એ તેની નોંધ પેટ્રોલ બુકમાં કરવામાં આવે છે. સરકારી વાહન માં જઇએ તેની નોંધ લોગ બુક માં રાખવામાં આવે છે. કચા વાહન માં રેઇડ માટે ગચેલા તેના નંબર અને ડ્રાઈવરનું નામ મારા નિવેદનમાં જણાવેલ નથી. બાતમી મળી ત્યારે અમે ઢુવા ચોકડી પાસે હતા. બાતમી અંદાજે અગીચાર થી બાર વાગ્યા ની આસપાસ મળેલી. પંચોને બોલાવા પી.એસ.આઇ. બી.ડી.ભટ્ટ સાહેબ બોલાવા

ગયેલા. પંચો જે રાખેલા છે તે રાહદારી પંચો છે. પંચોને સાથે લઇને નીકળેલા કે ત્યાથી બોલાવેલા તે હાલ મને યાદ નથી. પંચોના નામ સરનામા હાલ યાદ નથી .બનાવ વાળી જગ્યા નેશનલ હાઇવે છે અને ત્યાં ઘણા બધા વાહનો ની અવર જવર રહે છે.

(૧૫) ફરીયાદ પક્ષના સાહેદ નં.૬ ભાવેશ દિનેશભાઇ ભટ્ટ નો આંક:૨૦ નો પુરાવો જોતા જણાવેલ છે કે,ગઇ તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ના હીતેન્દ્રસિંહ ભિખુભા, ચંદુભાઇ કાણોતરા, ભગીરથસિંહ વિજયસિંહ ઝાલા, દશરથસિંહ ગગુભા એમ બધા અમારી સાથે સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે દરમ્યાન ફરતા ફરતા ઢુવા ચોકડી પાસે પહોંચતા દશરથસિંહ ને તથા અમોને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત મળતા નજીક માંથી બે પંચો બોલાવી હકીકત ની સમજ કરી પંચ નં.-૦૧ હેમુભાઇ રાણછોડભાઇ મીઠાપરા રહે.મકનસર, તા.મોરબી તથા નંબર-૦૨ રાહુલભાઇ રતીભાઇ પાણેશીયા રહે.મકનસર, તા.મોરબી વાળા હોવાનું જણાવેલુ. જે પંચોને હકીકતની સમજ કરેલી અને કલાક - ૧૩-૧૫ થી ૧૩-૩૦ સુધી પ્રાથમિક પંચનામુ કરેલુ. ત્યારબાદ અમો પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા રાણેકપર ગામના બોર્ડ પાસે વોચ માં હતા તે દરમ્યાન ઉપરોક નંબર વાળી ગાડી આવતા તેને રોકવાનો ઇશારો કરી સાઇડ માં ઉભો રખાવી. સદર સ્કોર્પીયો ગાડી ચાલક ની બાજુ માં બીજો ઇસમ હાજર હોય તમેને ગાડી ઉતરવાનું કહેતા તેઓ એ અમો પોલીસ તથા પંચ સમક્ષ આવી તેઓનું નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા રહે. જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ ત્યારબાદ નંબર - ૨ ના ઓ એ કલ્પેશભાઇ જેઠાભાઇ કલોત્રા રહે.જુના દેવળીયા વાળા હોવાનું જણાવેલું. સદર સ્કોર્પીયો ગાડી કોની છે તે બાબતે પુછતા પોતાની હોવાની જણાવેલું. સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઇ છનાભાઇ કોળી રહે.જુના દેવળીયા, તા.હળવદ વાળો હોવાનું જણાવેલુ. આમ ત્રણે ઇસમને સાથે રાખી બોલેરો ગાડી માં શુ ભરેલુ તે બાબતે પુછતા ગાડી માં ઘર વપરાશનો સરસામાન ભરેલો છે તેવુ જણાવેલું. બોલેરો ગાડીનો પાછળનો દરવાજો ખોલી જોતા ઘર વપરાશનો અલગ અલગ સામાન જોવા મળેલો તેમજ ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી. સદર બીયર નો

જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોવાનું જણાવેલું. જેથી આ મળી આવેલ મુદામાલ ની ગણતરી કરવી જરૂરી હોય. જેથી સદર જગ્યા નેશનલ હાઇવે હોય અને વાહનો ની અવર જવર ચાલુ રહેતી હોય તેમજ સદર મુદામાલ ઉતારી તેમજ ગણી શકાય તેમ ન હોય જેથી ગાડી ના ચાલક દવારા વાંકાનેર બાઉન્ડ્રી થી વાંકાનેર સીટી પો.સ્ટે. ખાતે લાવી પંચો રૂબરૂ ગાડી માં ભરેલ બીયરનો જથ્થો ઉતારેલો. જે ગણી જોતા જેમાં બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કેરલી તથા ઉપરોકત બોલેરો પીકઅપ ગાડી ની કીંમત રૂા.૫,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા ઉપરોકત સ્કોર્પીયો ગાડની ની કીંમત રૂા.૮,૦૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી. આરોપી કલ્પેશકુમાર જયંતીભાઇ પાસે થી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલી તથા આરોપી કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઇ કલોત્રા પાસે થી એક વીવો કંપની નો મોબાઇલ જેની કીંમત રૂા.૧૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો તથા આરોપી - યોગેશભાઇ છનાભાઇ પાસેથી બે વીવો કંપની ના મોબાઇલ જેની કીંમત રૂા.૨૦,૦૦૦/- ગણી તપાસ અર્થે કબજે કરેલો. એક બીયર ટીન એફ.એસ.એલ. તપાસણી અર્થે પી.આઇ., એલ.સી.બી., મોરબી ના હોદા નુ શીલ કરી તપાસ અર્થે કબજે કરેલી. સદર બોલેરો પીકઅપ ગાડી માંથી મળી આવેલ ઘર વપરાશનો સામાન તથા કલ્પેશ જંયતીલાલ નું ડ્રાઇવીંગ લાયસન્સ, આધાર કાર્ડ તથા પાન કાર્ડ તથા ડેબીટ કાર્ડ તથા યોગેશભાઇ છનાભાઇ પાસેથી આધાર કાર્ડ તથા પાન કાર્ડ અને ડેબીટ કાર્ડ અને ચુટણી કાર્ડ તપાસ અર્થે કબજે કરેલું. સદરહું આરોપી કલ્પેશભાઇને આ બીયર ટીન નો જથ્થો કોને આપવાનો હતો અને કયાથી લાવેલ છો તે બાબતે પુછતા મારા ભાઇ વિજયભાઇ જંયતીભાઇ અઘારા ના ઓ મોબાઇલ નં.-૯૭૧૪૬ ૧૨૦૫૭ ઉપર થી વોટસઅપ કોલ આવેલ અને વડોદરા કપુરાય ચોકડી પાસે આવી તેમની પાસેથી બીયર ટીન નો જથ્થો ભરેલો બોલેરો પીક અપ ગાડી લઇ આવેલ છું અને તેનુ પાઇલોટીંગ કરવા હું સ્કોર્પીયો ગાડી લઇને આવેલ છું. આમ કુલ મુદામાલ ની કીંમત રૂા.૧૭,૧૯,૬૦૦/- ગણી તપાસ અર્થે કબજે કર્યા અંગેનું વિગતવારનું પંચનામુ અમો કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, પેટ્રોલીંગ માં હોઇ એ તેની નોંધ પેટ્રોલ બુકમાં કરવામાં આવે છે.અમો સરકારી વાહન માં પેટ્રોલીંગ માં જઇએ તેની નોંધ લોગબુક માં કરવામાં આવે છે.એલ.સી.બી. કચેરી નું વડુ મથક મોરબી છે. અમે રેઇડ માટે સરકારી અને ખાનગી વાહન માં ગયેલા. એ વાત મને હાલ યાદ નથી કે રેઇડ કરવા માટે બપોરે ના સમયે નીકળેલા ચોકકસ સમય યાદ નથી.કયા નંબર વાહન માં નિકળેલા તે મારા નિવેદન માં જણાવે

નથી. અમો ને બાતમી મળી ત્યારે અમો હાઇવે પેટ્રોલીંગ માં હાઇવે પર ઢુવા પાસે હતા. અમો ઢુવા પાસે કેટલા વાગ્યે હતા તે હાલ ચોકકસ સમય યાદ નથી બપોર નો સમય હતો. પંચો ને બોલાવવા મારા કહેવા થી દશરથસિંહ પરમાર ગયેલા. દશરથસિંહે પંચોને બોલાવતા ગાડી માં સાથે લઇને ગયેલા. પંચો ને બોલાવતા પંચો કેટલી વાર માં આવેલા તે સમયગાળો હાલ યાદ નથી. પ્રાથમિક પંચનામુ કેટલા વાગ્યે શરુ કરેલુ અને કેટલા વાગ્યે પુરુ કરેલુ તે હાલ ચોકકસ સમય યાદ નથી પરંતુ બપોરનો સમય હતો. ઢુવાથી બનાવ વાળી જગ્યા એ કેટલા વાગ્યે પહોચેંલા તે ચોકકસ સમય હાલ યાદ નથી. પંચો સરકારી વાહન માં આવેલા. બનાવ સ્થળ ની નજીક ચા નો લારી – સ્ટોલ આવેલ છે. બનાવ વાળી જગ્યા નેશનલ હાઇવે છે.નેશનલ હાઇવે પર ઘણા બધા વાહનો અવર જવર ચાલુ હોય છે. પંચનામુ કેટલા વાગ્યે શરુ થયેલુ અને પુરુ થયેલુ તે ચોકકસ સમય યાદ નથી પરંતુ બપોરનો સમય હતો. પંચનામુ આશરે દોઢ થી બે કલાક ચાલેલું.

(૧૫) ફરીયાદ પક્ષના સાહેદ નં.૭ બાબુભાઇ વીરાભાઇ પટેલ આઇ.ઓ.નો આંક:૨૯ નો મૌખીક પુરાવો જોતા જણાવેલ છે કે,સને ૨૦૨૫ ની સાલ માં હું વાંકાનેર તાલુકા પો.સ્ટે. ખાતે પી.આઇ. તરીકે મારી ફરજ પર હાજર હતો. તે વખતે વાંકાનેર સીટી પો.સ્ટે. સી પાર્ટ ગુન્હા રજી. નંબર - ૯૮૧/૨૦૨૫ નો ગુન્હો રજીસ્ટર થયેલો. જેમાં અમો ને ઉપલા અધિકારી દવારા ક્રોસ તપાસ સોંપવામાં આવેલી. જેનો ગુ.ર.નંબર - ૯૮૧/૨૦૨૫ પ્રોહી કલમ ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબનો ગુન્હો રજીસ્ટર કરી આગળની તપાસ ડેપ્યુટ હુકમ થી અમો ને સોંપેલી.ગુન્હા ના કામે અમોએ પોલીસ સાહેદોના નિવેદનો લીધેલા તેમજ અમો ને આરોપીઓ ના રીમાડન્ડ ની તજવીજ કરેલી તેમજ આરોપી - કલ્પેશભાઇ ઉર્ફે બાબુભાઇ જેઠાભાઇ કલોતરા ના ઓના ઉપર અલગ અલગ જગ્યાએ ગુન્હા નોંધાયેલા હોય જે ગુન્હા તપાસ દરમ્યાન અમોએ માહિતી મેળવેલી જે ગુન્હા ઓનું લીસ્ટ આંક:૩૧ થી રજુ કરેલ છે. તેમજ બીજા આરોપી-કલ્પેશ જયંતીભાઇ અઘારા ના ઓ વિરૂધ્ધ માં અલગ અલગ જગ્યાએ ગુન્હા નોંધાયેલો તેમજ આરોપી નં.-૩ વિજયભાઇ જયંતીભાઇ અઘારા ઓ વિરૂધ્ધ માં અલગ અલગ જગ્યાએ ગુન્હા નોંધાયેલો જે તપાસ ના કામે તે ગુન્હાની માહિતી મેળવેલી જે ત્રણેય આરોપીઓ વિરૂધ્ધ ના ગુન્હાઓ ના લીસ્ટ આંક-૩૨ (કુલ પેઇઝ-૧૧) થી રજુ કરેલ છે. તેમજ સદરહું ગુન્હા માં સ્થળ ઉપર વિડીયોગ્રાફી તેમજ ફોટોગ્રાફી કરેલી તે ઇ-સાક્ષ્ય અધિનિયમ મુજબ - ૬૩(૪)(સી) મુજબનું સર્ટીફીકેટ આંક-૩૩ (કુલ પેઇઝ-૪).થી રજુ કરેલ છે. તેમજ સદર મુદામાલ એફ.એસ.એલ. તપાસણી અર્થે રવાનગી પત્રક થી મોકલી આપેલો તેમજ સદર ગુન્હા માં આરોપી - વિજયભાઇ કલ્પેશભાઇ અઘારા કે જે નાસતો ફરતો આરોપી હોય તેમજ આરોપીઓ કસ્ટડી માં હોય અને

ચાર્જશીટ ની સમય મર્યાદા થતી હોય જેથી સદર આરોપી ને બી.એન.એસ.એસ. - ૭૨ મુજબનું વોરંટ મેળવી નાસતો ફરતો જાહેર કરી સદરહું આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો હોય અમો એ આ ગુન્હા નું ચાર્જશીટ કરેલાનુ જણાવેલ છે.

આ સાહેદનો ઉલટ તપાસનો પુરાવો જોતા સ્વીકાર કરેલ છે કે, અમો રેઈડીંગ પાર્ટી માં હાજર ન હતો. આ ગુન્હા ની તપાસ બનાવ ના બીજા દિવસે મળેલી. આરોપીને જે જગ્યાએ પકડેલો તે જગ્યાએ દુકાનો તથા હોટલો આવેલી છે.બનાવ વાળી જગ્યા નેશનલ હાઈવે છે.સ્થાનીક જગ્યા ની આજુ બાજુ આવેલ દુકાનો તથા હોટલ વાળા ના નિવેદનો લીધેલ નથી. બીજા કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલા નથી. મે પંચોના નિવેદન લીધેલા નથી. અંગ્રેજી દારુની કંપની ના અધિકારીનું નિવેદન લીધેલ નથી.

(૧૬) ઉપરોકત ફરીયાદ પક્ષના પુરાવાનુ મુલ્યાંક કરતા ફરીયાદ પક્ષે રજુ કરેલ પોલીસ સાહેદોના પુરાવાથી તા.૨૦-૦૯-૨૦૨૫ ના રોજ અમો તથા એલ.સી.બી. તથા પેરોલ ફર્લો સ્કવોડ ના અધિકારીઓ સરકારી તથા ખાનગી વાહન માં વાંકાનેર તાલુકા વિસ્તાર માં પેટ્રોલીંગ માં હતા તે ઢુવા ચોકડી પાસે પહોંચતા દશરથસિંહ ને તથા સાહેદ નં.૬ નાઓને ખાનગી રાહે હકીકત મળેલ કે કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા બોલેરો પીક ગાડી કે જેના રજી. નં.- જી જે - ૩૬ - વી - ૮૩૨૩ વાળો ઘરવપરાશના સામાન ની આડ માં અંગ્રેજી દારુની બોટલો નો જથ્થો ભરી સ્કોર્પીયો ગાડી નં.- જી જે - ૩૬ - એ જે - ૩૯૦૦ વાળી પાયલોટીંગ માં હોય આ બંને ગાડી વાંકાનેર બાઉન્ડ્રી થી મોરબી બાજુ જનાર છે તેવી ચોકકસ હકીકત આધારે નજીક માંથી બે પંચો હકીકતની સમજ કરી પ્રાથમિક પંચનામુ કરી પોલીસ સ્ટાફ તથા પંચો હકીકત વાળી જગ્યા એ પહોંચી વોચ માં હતા ત્યારે બાતમી વાળી ગાડી આવતા તેને રોકવાનો ઇશારો કરી સાઇડ માં ઉભો રખાવી. નામ ઠામ પંચો રૂબરૂ પુછતા નંબર -૧ નું નામ કલ્પેશભાઇ જયંતીભાઇ અઘારા તથા કલ્પેશભાઇ જેઠાભાઇ કલોત્રા હોવાનુ જણાવેલ.તેમજ સાથેની બોલેરો પીક અપ ગાડીના ચાલકનું નામ ઠામ પુછતા યોગેશભાઇ છનાભાઇ કોળી હોવાનું જણાવેલુ. જે ગાડીના અંદર ના ભાગે એક ચોરખાનુ જોવામાં આવેલુ જે ચોર ખાનુ ખોલી જોતા તેમા કીંગફીશર કંપની ના બીયર ટીન ની પેટીઓ જોવા મળેલી.સદર બીયર નો જથ્થો પોતાની ગાડી માં રાખવા તથા વહન કરવા અંગેનો પાસ પરમીટ કે આધાર પુરાવો માંગતા ન હોય બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કરેલાનુ જણાવેલ છે.ફરીયાદ પક્ષે સ્વંતત્ર પંચ સાહેદ નં.૨ નો પુરાવો જોતા રાણેકપરના પાટીયા પાસે બોલાવેલ અને સ્કોપીયો અને બોલેરો ગાડી પકડેલ હોય જેમાંથી બીયરની દશ બાર પેટી મળી આવેલાનુ જણાવેલ છે.જે ગાડીમાં બે માણસો હતા તેવુ જણાવેલ છે પરતુ કયા આરોપીઓ હતા તે જણાવેલ નથી કે આરોપીઓને ઓળખી

બતાવેલ નથી.જયારે બીજા પંચ ફરીયાદ પક્ષે તપાસેલ નથી.ફરીયાદ પક્ષના પોલીસ સાહેદનો પુરાવો જોતા બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- તપાસ અર્થે કબજે કરેલાનુ જણાવેલ છે.જયારે પંચની જુબાનીમાં દશ બાર પેટી મળી આવેલાનુ જણાવેલ છે.તેમજ પંચની જુબાનીમાં રાણેકપરના પાટીયાએ સહી કરાવેલાનુ જણાવેલ છે.જયારે પંચનામુ કરનાર અમલદાર સાહેદ નં.૬ ના પુરાવામાં મુદ્ધામાલ દારૂ સ્થળ ઉપર ઉતારી શકાય તેમ ન હોય પોલીસ સ્ટેશન લાવી ઉતારી અને ગણી જોતા બીયર ટીન નંગ કુલ - ૧૬૮૦ જેની કીંમત રૂા.૩,૬૯,૬૦૦/- હોવાનુ જણાવેલ છે.જેથી પંચોની હાજરીમાં મુદદામાલ કાઢવામાં આવેલ હોય તેવુ પંચની જુબાની થી સર્મથન મળતુ નથી.તેમજ ફરીયાદ પક્ષે અન્ય કોઇ સ્વંતત્ર સાહેદોનો પુરાવો રજુ કરેલ નથી.તેમજ સ્વતંત્ર સાહેદોનો પુરાવો મળી શકે તેમ હોવા છતા પુરાવો મેળવેલ નથી.જેથી પોલીસ સાહેદોના પુરાવા આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.ફરીયાદ પક્ષે સાક્ષ્ય અધિનીયમની કલમ–૬૩ (૪)સી મુજબનુ સર્ટી રજુ કરેલ છે પરંતુ ફરીયાદ પક્ષના પં ચ સાહેદો ફરીયાદ પક્ષના કેશને સર્મથન કરતા ન હોય આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી.વધુમાં,મળી આવેલ મુદ્દામાલ જાણીતી બ્રાંડનો હતો સીલ પેક હતો કંપની નો બેચ નંબર હતો તે બાબતે પુરાવો આપેલ નથી.જેથી પ્રોહી.એકટની કલમ–૧૧૬બી મુજબ અનુમાન કરી શકાય નહી.તેમજ ફરીયાદ પક્ષે દરેક બોટલ શીલ કરી કબજે કરેલ નથી.જેથી ફરીયાદ પક્ષ દ્રારા રજુ કરવામાં આવેલ પુરાવાના આધારે આ કામના આરોપીને હાલના ગુના સાથે સાકળી શકાય નહી તેવો પુરાવો નથી તેવુ આ અદાલતનુ નમ્ર પણે માનવુ છે. વધુમાં **માનસીંગ મુલુભાઈ કાઠી દરબાર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જી.એલ. એચ. ઈ.એલ.એચ.સી. પાના નં.૨૨૭૬૯૮** માં પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ ''જો પંચ સાહેદો ફરીયાદીના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલ ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.'' ઉપરોકત ચર્ચા કરેલ કારણોસર હાલના આરોપીને તકસીરવાન ઠરાવવા માટે પુરાવો નથી. આ તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ થયેલ દસ્તાવેજી પુરાવાઓને મૌખિક પુરાવાનું સમર્થન પ્રાપ્ત થતું નથી, તે તમામ સંજોગોમાં ફરીયાદપક્ષ આ કામના આરોપી સામે મુદ્દા નં.૧ માં મુકવામાં આવેલ તહોમત નિ:શંકપણે પુરવાર કરી શકતાંન હોય તેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અંગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**:: હુકમ ::**

૧. આ કામના આરોપી **(૧) કલ્પેશ જયંતિભાઈ અધારા ઉ.વ.૩૬ (૨) કલ્પેશ ઉર્ફે બાબો જેઠાભાઈ કરોતરા ઉ.વ.૩૫ (૩)યોગેશ શનાભાઈ સીસા ઉ.વ.૨૫ તમામ રહે.જુના દેવળીયા,તા.હળવદ,જી.મોરબી વાળા** નાઓને ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૨૭૮(૧) અન્વયે પ્રોહીબીશન એકટ કલમ-૬૫(એ)(ઈ),૧૧૬(બી),૮૧,૯૮(૨) મુજબનાં શિક્ષાપાત્ર ગુના માંથી પુરાવાના અભાવે નિદોર્ષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) બી.એન.એસ.એસ.ની કલમ-૨૮૧ અન્વયે અપીલ પીરીયડ માટેના આરોપીએ રૂપીય ૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર) પુરાના જામીન તથા તેટલી જ રકમનાં જાતમુચરકો રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આ કામે કબ્જે કરેલ મુદામાલ દારૂનો અપીલ સમય બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે. તથા મુદામાલ વાહન અંગે જો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવ્યો હોય તો તે કાયમી રાખવામાં આવે છે. મુદામાલ વાહન માલીકીની ખરાઈ કરીને તેના મુળ માલીકને પરત સોંપવાનો આથી હુકમ કરવામાં આવે છે. તેમજ મોબાઈલ તથા આધાર કાર્ડ વિગેરે દસ્તાવેજો માલીકીની ખરાઈ કરી પરત કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ : ૧૩, માહે : એપ્રિલ, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા. ૧૩/૦૪/૨૦૨૬
મુ.વાંકાનેર

**(વિરેન્દ્રસિંહ શનાભાઈ ઠાકોર)**
એડીશનલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ
કોડ નં. જી.જે.૦૧૨૨૪